

# નિત્ય નિયમ

# નિત્ય નિયમ

SMVS

**પ્રેરક**

અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ.બાપજી)

**સંપાદનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ,
ગાંધીનગર - ૩૮૨૦૦૯



# નિત્ય નિયમ

**રજૂકર્તા** ■ શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**પ્રેરણામૂર્તિ** ■ પ.પૂ.અ.મુ.સદ્.શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ.બાપજી)

**આવૃત્તિ** ■ સપ્તમી આવૃત્તિ, માર્ચ,૨૦૧૨

**પ્રત** ■ ૧૦,૦૦૦ કુલ પ્રત : ૫૩,૦૦૦

**મૂલ્ય** ■ ₹ ૬/-

**પ્રકાશક** ■ સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

**સૂચના** ■ © સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ **(SMVS)**



## પ્રસ્તાવના

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આ ચાર સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળ આધ્યાત્મિક સ્રોત છે. સ્વામિનારાયણીય સાધનામાં ભક્તિને મોખાનું સ્થાન અપાયું છે. એટલે જ તો સ્વામિનારાયણ સંપ્રદાયને ભક્તિ સંપ્રદાયથી ઉદ્‌બોધન કરવું એ પણ કાંઈ નવું નથી. સ્વયં શ્રીજીમહારાજને સંતો-ભક્તોમાં અન્ય અંગ કરતાં ભક્તિનું અંગ વિશેષ પ્રિય હતું. જેથી સંતો-ભક્તો સ્વયં શ્રીહરિને 'ભક્તિપ્રિય' એવા વિશેષણથી પણ ઉચ્ચારતા.

સ્વામિનારાયણ સંપ્રદાયનો આશ્રિત તમામ ભક્ત સમુદાય પોતાની દૈનિક દિનચર્યા ભક્તિમય બનીને કરે તેવા હેતુથી શ્રીજીમહારાજે 'સત્સંગી જીવન' ગ્રંથમાં સંતો અને હરિભક્તો બંને માટે દૈનિક દિનચર્યામાં ભક્તિ કરવા માટે આહ્‌નિકનો વિધિ જણાવ્યો છે. આ આહ્‌નિકમાં ધૂન, કીર્તન, આરતી,

અષ્ટક, મંગળ શ્લોકો, થાળ, ધ્યાન, સ્વાભાવિક ચેષ્ટા, વચનામૃત, બાપાશ્રીની વાતો આદિ સદ્‌ગ્રંથોનું વાંચન આ સર્વેનો સમન્વય કરેલ છે. શ્રીહરિની આજ્ઞા મુજબ દરેક ભક્તો દૈનિક દિનચર્યામાં ભક્તિમય બની આહ્‌નિકનો વિધિ કરી શ્રીહરિની મૂર્તિમાં સંલગ્ન થઈ શકે તે માટે આ 'નિત્ય નિયમ' પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

આ પુસ્તિકામાં બ્રાહ્મમુહૂર્તમાં ઉત્થાનથી માંડી રાત્રે શયન કરવા સુધી દિવસ દરમ્યાન કરવાના તમામ નિયમોનો સમન્વય કરવામાં આવ્યો છે. જે દરેક મુમુક્ષુને ભક્તિના અંગેથી મહારાજની મૂર્તિમાં સંલગ્ન થવા વધુ ને વધુ સહકારરૂપ બની રહેશે. અપેક્ષા છે કે મુમુક્ષુમાત્ર આ પુસ્તિકાનો ઉપયોગ કરી દૈનિક જીવનની બધી ક્રિયા ભક્તિમય બની મૂર્તિમાં સંલગ્ન થઈ કરતા થશે.

**-સાહિત્ય લેખન વિભાગ**



## સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોએ નિત્ય નિયમિત કરવાના નિયમો

૧. સ્વામિનારાયણ ભગવાનની વ્યક્તિગત પૂજા નિત્ય કરવી.
૨. ૩૦ મિનિટ ધ્યાન કરવું.
૩. મંદિર નજીકમાં હોય તો દર્શન કરવા જવું.
૪. પાંચ માનસીપૂજા નિયમિત કરવી.
૫. સાયમ્ કાળે સમૂહ-પ્રાર્થના કરવી તથા ઓરડાનાં પદ બોલવાં.
૬. એક 'વચનામૃત'નું એકાગ્રતાથી વાંચન કરવું.
૭. એક 'બાપાશ્રીની વાત'નું એકાગ્રતાથી વાંચન કરવું.
૮. ઉંમર જેટલી માળા નિયમિત કરવી.
૯. આરતી, દર્શન તથા અષ્ટક-શ્લોકોનું ગાન કરવું.
૧૦. રાત્રે સૂતાં પહેલાં સ્વાભાવિક ચેષ્ટા નિયમિત બોલવી.



## અનુક્રમણિકા


૧. ધ્યાન ..... ૭
૨. પ્રભાતિયાં ..... ૯
૩. આરતી ..... ૧૧
૪. થાળ-શ્લોકો ..... ૧૬
૫. સાયમ્ પ્રાર્થના - પદ ..... ૧૮
૬. ગોડી ..... ૨૬
૭. સંધ્યા આરતી-ધૂન્ય-અષ્ટક ..... ૨૭
૮. પોઢણિયું ..... ૩૯
૯. સ્વાભાવિક ચેષ્ટા ..... ૪૦
૧૦. કીર્તન ..... ૭૬
૧૧. પ્રાર્થના ..... ૮૦
૧૨. વચનામૃત ..... ૮૪
૧૩. બાપાશ્રીની વાતો ..... ૮૫
૧૪. મંગળ શ્લોકો (શાર્દૂલવિક્રીડિત છંદ) ..... ૮૭
૧૫. સ્વામિનારાયણ નામાવલી ..... ૮૮
૧૬. સભાગાન ..... ૯૪




## ૧. ધ્યાન

પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું,
પ્રેમેથી પાયે લળી;
મસ્તક ભવ્ય વિશાળ ભાલ ઝળકે,
કર્ણ ભ્રકુટિ ભલી;
ચંચળ છે સુખ દેણ નેણ નાસા,
જ્યોતિ કપોળે ઝળે;
મુખડું ને મૂછ રેખ અધર જોઈ,
દાઢીથી દૃષ્ટિ ઠરે ।।૧।।
કંઠે તુલસી દામ વામ સ્કંધે,
યજ્ઞોપવીત સાર છે;
છાતી મનહર શ્યામ સ્તન મધ્યે,
વિનગુણ રૂડો હાર છે;
બાહુ દંડ પ્રચંડ શ્યામ કોણી,
કાંડા કરે બળ છે;
આંગળિયું ને હથેળી બેઉ રાતી,
રેખાઓ સુંદર છે ।।૨।।

જુઓ ઉદર અનુપ રૂપ આપે,
નાભિ છે ઊંડી ઘણી;
પહેરી ધોતી શ્યામ શ્યામ કટિએ,
ઉજ્જવળ સોહામણી;
સાથળ સાર રસાળ જોયા જેવા,
વર્તુળ જાનુ ભલા;
જંઘા સરખી સુંવાળી પોચી પિંડી,
ઘૂંટીની દિવ્ય કલા ॥૩॥

પાની પોંચા આંગળી દશ જુઓ,
રક્ત નખે ઓપતી;
સોળે ચિહ્ન સહિત ચરણકમળની,
જોડી ભલી શોભતી;
અંગો અંગ સળંગ નીરખું સ્વામી,
બિરદ તવ ઉર ધરી;
ટાળી સર્વ રિપુ અને દેહભાવો,
સુખમાં થિજાડો હરિ ॥૪॥



## ૨. પ્રભાતિયાં

### ૧. વેલેરી ઊઠીને

વેલેરી ઊઠીને વા'લાજીનું વદન નિહારું;
જોઈને કમળમુખ દુઃખ દૂર વિસારું...ટેક

વદન વાલાજીનું અતિ સુખકારી;
નીરખી નીરખી જાઉં હું તો સરવસ વારી...૧

મુખડું જોયા વિના પાણીયે ન પીવું;
પ્રાણજીવનને હું તો જોઈ જોઈ જીવું...૨

પ્રાણજીવન જોવા મેં તો જનમ ધર્યો છે;
જૂઠો રે સંસાર સર્વે ત્યાગ કર્યો છે...૩

પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યાં છે;
સંસારિયાં સહુ બળતાં મેં દાઝે...૪



### ૨. પ્રાતઃ થયું મનમોહન

પ્રાતઃ થયું મનમોહન પ્યારા,
પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરું છું વિનંતી,
જગજીવન કર જોડીને...પ્રાતઃ
ઘરઘરથી હરિભક્તો આવ્યા,
દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી સહુ અબળા,
મહી વલોવા છોડીને...પ્રાતઃ
બહુરૂપી દરવાજે બેઠા,
શંકરનેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં,
જોરે રાખ્યા ઓડીને...પ્રાતઃ
ભૈરવ રાગ ગુણીજન ગાવે,
તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી,
ઊઠ્યા આળસ મોડીને...પ્રાતઃ



## ૩. આરતી

### ૧. મંગળા આરતી

જય મંગળકારી, પ્રભુ(૨) જય ઘનશ્યામ દયાળુ(૨)
જય જય સુખકારી...જય...ટેક
મંગળ રૂપ અનુપમ નખશિખ મંગળ છે(૨)
સુખડાં દેવાં મંગળ(૨) મૂર્તિ મંગળ છે...જય
મંગળ મુખકમળ જોઈ સુખમાં થીજું છું(૨)
નાસા નયન ભ્રકુટિ(૨) ભાલે રીઝું છું...જય
મંગળ હૃદયકમળ પર, સ્તન મંગળ શોભે(૨)
છાતી ઊપડતી કંઠે(૨) મુનિજન સૌ લોભે...જય
મંગળ હસ્તકમળમાં રેખાઓ ન્યારી(૨)
કાંડા કોણી બાહુ(૨) બળ ભર્યું ભારી...જય
મંગળ નાભિકમળ પર ત્રિવળી મંગળ છે(૨)
શ્યામ કટિ પર ધોતી(૨) ઉદર મંગળ છે...જય
મંગળ ચરણકમળમાં ચિહ્ન ભલાં સોળ(૨)
ઘૂંટી ફણા ને જંઘા(૨) જાનુ છે ગોળ...જય
મંગળમય મૂર્તિનું જે દર્શન કરશે(૨)
દાસાનુદાસ કહે રસબસ(૨) થઈ સુખમાં ઠરશે...જય

## હવે મારા વ્હાલાનાં દર્શન

હવે મારા વ્હાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારું...૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૨
સભા મધ્યે બેઠાં મુનિનાં વૃંદ,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર...૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...૪
તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી...૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૬
પધાર્યા વ્હાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી...૭
ભાંગી મારી જન્મો જનમની ખામી,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી...૮



## બાપા આપ સદાય દિવ્ય રૂપે

બાપા આપ સદાય દિવ્ય રૂપે,
ભેળા જ છો સર્વદા,
બાપા બાળક આપનાં અમ સહુ,
તેને ભૂલો નહિ કદા...૧
બાપા આપ આ સમયમાં,
આવી બિરાજ્યા અહીં,
બાપા બિરદ આપનું ઉર ધરી,
રાખ્યા સદા મૂર્તિ મહીં...૨
બાપા આપ મનુષ્ય સ્વરૂપે,
જેવાં સુખો આપતા,
બાપા દિવ્ય નવીન સુખ તેવાં,
આજે અમો માંગતા...૩
બાપા આનંદ આજ ઉર ઊલટે,
તેથી સહુ ડોલતા,
બાપા ને ઘનશ્યામ કેરી જય હો,
મુખે ઘણા બોલતા...૪



## આરતી-૨

આરતી પ્રગટ પ્રભુજી કી કીજે,
હરિ ચરણ કમળ લખી અંતર લીજે...આરતી

(આરતી)અક્ષર બ્રહ્મ ઈશ્વર છે કોટિ(૨)
હરિ, એક કિરણ તેને અતિ મોટી (૨)...૧

(આરતી)અનંત એકાંતિક, પરમ અનાદિ(૨)
હરિ, મૂર્તિમાં રહે, દીસે છે આદિ(૨)...૨

(આરતી)દિવ્ય મૂર્તિ સદા અક્ષરધામે(૨)
હરિ, પ્રગટ અને પ્રત્યક્ષ બિરાજ્યા સામે(૨)...૩

(આરતી)નર નાટક ક્ષર અક્ષર ન્યારા(૨)
હરિ, પુરુષોત્તમ પૂરણ જન પ્યારા(૨)...૪

(આરતી)નૌતમ રૂપ અકળ છબી ન્યારી (૨)
હરિ, દાસસેવક જાવત બલિહારી(૨)...૫



## આરતી-૩

જય અબજીબાપા, જય જય અબજીબાપા;
ઘરે અમારે આવ્યા(૨) અમને સુખ આપ્યાં...ટેક

માથે બાંધી પાઘ, સિંહાસને બેઠા(૨)
હરિજનો ને સંતો(૨) સહુ બેઠા હેઠા...જય ૧

હૈડે પહેર્યા હાર, ગજરા બેઉ હાથે(૨)
અમને આપી પ્રસાદી(૨) હાથ મૂક્યા માથ...જય ૨

હરિજન જોડી હાથ, ઊભા સહુ આગે(૨)
સદાય રાખજો ભેળા(૨) એમ સહુ માગે...જય ૩

કૃપા કરીને બાપા, બોલ્યા બહુ પ્રીતે (૨)
સદાય રાખ્યા ભેળા(૨) ધારજો દઢ ચિત્ત...જય ૪

આત્યંતિક કલ્યાણ કરવા, અવની ઉપર આવ્યા(૨)
અનાદિમુક્તનીસ્થિતિ(૨)સર્વોપરી લાવ્યા...જય ૫

પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, પ્રગટ્યા સુખકારી(૨)
હૃષ્ટપુષ્ટ મૂર્તિ પર (૨) સેવક બલિહારી...જય ૬

## ૪. થાળ-શ્લોકો

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી,
ધોઉં કર ચરણ કરો ત્યારી...જમો ટેક
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી,
કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો ૧
કરી કાઠા ઘઉંની પોળી,
મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો ૨
ગળ્યાં સાટાં ઘેબર ફૂલવડી,
દૂધપાક માલપૂવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો ૩
અથાણાં શાક સુંદર ભાજી,
લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો ૪



ચળું કરો લાવી હું જળઝારી,
એલચી લવિંગ સોપારી;
પાનબીડી બનાવી સારી...જમો ૫
મુખવાસ મનગમતા લઈને,
પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો ૬

### રાજભોગ આરતી દરમ્યાન બોલાતા શ્લોકો

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
દાતા તમે સકળ મંગલ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્યનામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ...૧
અજ્ઞાન પાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ...૨
જેણે રચી ચિત્ર વિચિત્ર સૃષ્ટિ,



જેની કરુણામય દિવ્ય દૃષ્ટિ;
જેણે કર્યા છે અદ્‌ભુત કામ,
પ્રેમે કરું તે પ્રભુને પ્રણામ...૩
છો કાળના કાળ દયાળુ દેવ,
જનો તણા છો પ્રતિપાળ તેહ;
કલ્યાણ દાતા કરું નિત્ય સેવ,
શ્રી સ્વામિનારાયણ ઈષ્ટદેવ...૪

## ૫. સાયમ્ પ્રાર્થના-પદ

### ૧. પ્રાર્થના

મહાબળવંત માયા તમારી,
જેણે આવરિયાં નરનારી;
એવું વરદાન દીજિયે આપે,
એહ માયા અમને ન વ્યાપે...૧
વળી તમારે વિષે જીવન,
ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ,
તેને સમજું અલૌકિક ખ્યાલ...૨



સત્સંગી જે તમારા કહાવે,
તેનો કે'દી અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી,
કે'દી તમને ન ભૂલિયે હરિ...૩
કામ ક્રોધ ને લોભ કુમતિ,
મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતાં આડું જે પડે,
માગિયે અમને નવ નડે...૪
એટલું માગિયે છૈયે અમે,
દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગિયે અમે જેહ,
તમે સુણી લેજ્યો હરિ તેહ...૫
કે'દિ દેશો મા દેહાભિમાન,
જેણે કરી વિસરું ભગવાન;
કે'દિ કુસંગનો સંગ મા દેજ્યો,
અધર્મ થકી ઉગારી લેજ્યો...૬
કે'દિ દેશો મા સંસારી સુખ,
દેશો મા પ્રભુ વાસ વિમુખ;

દેશો મા પ્રભુ જક્ત મોટાઈ,
મદ મત્સર ઈર્ષ્યા કાંઈ...૭
દેશો મા દેહસુખ સંયોગ,
દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ,
દેશો મા અહંકારી સ્વભાવ...૮
દેશો મા સંગ નાસ્તિકનો રાય,
મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે,
દેશો મા દયા કરીને તમે...૯
પછી બોલિયા શ્યામસુંદર,
જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ,
દેહાદિકમાં નહિ બંધાઓ...૧૦
મારી ક્રિયામાં નહિ આવે દોષ,
મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત,
સહુએ સત્ય કરી માની વાત...૧૧
દીધા દાસને ફગવા એવા,
બીજું કોણ સમર્થ એવું દેવા.



## ૨. ઓરડાનાં પદ

### પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ...૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ...૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણા રે, ચરણે લાગી વારંવાર...૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર...૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સુંથલણી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની આ સમે રે, ધન્ય ધન્ય નીરખ્યાં તેનાં ભાગ્ય...૭



મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો ના'વે તેને તુલ્ય...૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ...૯

### પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ...૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખિયા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...૩
બાજુ બેરખા રે, બાંયે કપૂરના શોભિત;
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત...૪
સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયણની કોર...૫



હસતાં હેતમાં રે, સહુને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ...૬
અદ્ભુત ઉપમા રે, કહેતા શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...૭
વાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગિયા અગણિત સૂર...૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૯

### પદ-૩

બોલ્યા શ્રીહરિ રે,સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન...૧
મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત...૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ...૩

અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન...૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...૭
એમ મુને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી...૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વા'લો વરસ્યા અમૃત મેહ...૯

**પદ-૪**

વળી સહુ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સહુને હિતકારી સુખરૂપ...૧



સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ...૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર...૪
સહુ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નેમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ...૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતાં શોભે નટવર વેશ...૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણ ચંદ...૭
શોભે સંતમાં રે, જેમ કાંઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ...૮
આ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર...૯



## ૬. ગોડી

**પદ-૧**

સંત સમાગમ કીજે,
હો નિશદિન...ટેક
માન તજી સંતન કે મુખ સે,
પ્રેમ સુધારસ પીજે...૧
અંતર કપટ મેટકે અપના,
લે ઉનકું મન દીજે...૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત,
સબ વિધિ કારજ સીજે...૩
બ્રહ્માનંદ કહે સંત કી સોબત,
જન્મ સુફળ કરી લીજે...૪

**પદ-૨**

સંત પરમ હિતકારી,
જગતમાંહી...ટેક
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી...૧



પરમકૃપાળુ સકળ જીવન પર,
હરિ સમ સબ દુઃખહારી...૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી,
રીત જગત સે ન્યારી...૩
બ્રહ્માનંદ કહે સંત કી સોબત,
મિલત હે પ્રગટ મોરારી...૪

## ૭. સંધ્યા આરતી-ધૂન્ય-અષ્ટક

### ૧. સંધ્યા આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી
સહજાનંદ દયાળુ(૨) બળવંત બહુનામી...ટેક
ચરણ સરોજ તમારાં, વંદું કર જોડી..(૨)
ચરણે શીશ ધર્યાથી(૨) દુઃખ નાખ્યાં તોડી...જય
સ્વામિનારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી..(૨)
પામર પતિત ઉદ્ધાર્યા(૨) અગણિત નરનારી...જય
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી..(૨)
અડસઠ તીરથ ચરણે(૨) કોટિ ગયા કાશી...જય

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે..(૨)
કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે....જય
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી..(૨)
મુક્તાનંદ કહે મુક્તિ(૨) સુગમ કરી સીધી...જય

## ૨. ધૂન્ય

સહજાનંદ ઘનશ્યામ જય જય ઘનશ્યામ (૨)
હરિકૃષ્ણ ઘનશ્યામ જય જય ઘનશ્યામ (૨)
સ્વામિનારાયણ હરે સ્વામિનારાયણ હરે(૨)
સ્વામિનારાયણ હરે (૨)
હરિકૃષ્ણ હરે જય જય હરિકૃષ્ણ હરે(૨)
જય જય હરિકૃષ્ણ હરે (૨)
ઘનશ્યામ હરે જય જય ઘનશ્યામ હરે (૨)
જય જય ઘનશ્યામ હરે (૨)
નીલકંઠ વર્ણી જય જય નીલકંઠ વર્ણી (૨)
જય જય નીલકંઠ વર્ણી (૨)
ન્યાલકરણ જય ન્યાલકરણ(૨)
વૃષનંદન જય ન્યાલકરણ(૨)



સહજાનંદ જય સહજાનંદ(૨)
આનંદઘન જય સહજાનંદ(૨)
સ્વામિનારાયણ સ્વામિનારાયણ(૪)
સ્વામિનારાયણ સ્વામિનારાયણ(૮)

## ૩. શ્રી સ્વામિનારાયણ સ્તોત્ર

ઊર્ધ્વ તથાધો નહિ યસ્ય માનમ્,
તસ્મિન્ મહોધામનિ રાજમાનમ્ ।
મુક્તવ્રજાનામધિરાજમાનં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૧॥
બ્રહ્માંડ સંદોહવિભાસિકાન્તિમ્,
નૈકાત્મકલ્યાણનિગૂઢકાન્તિમ્ ।
મનુષ્યરૂપાર્પિત દિવ્ય શાંતિમ્,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૨॥
મનુષ્યરૂપં પ્રતિમા સ્વરૂપમ્,
તથાક્ષરે ધામનિ દિવ્યરૂપમ્ ।
યસ્યાત્સ્યભિન્નમ્ કમનીયરૂપમ્ં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૩॥



દિવ્યામ્બરાભૂષણ ભૂષિતાંગમ્,
દિવ્યાદ્વિતીયાકૃતિ મંજુલાંગમ્ ।
દિવ્યત્વ સંપાદક સંગિસંગમ્,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૪॥
સ્વ સ્વામિનારાયણ નામ મંત્રં,
સ્વયં દિશન્તં ભવ પારયંત્રમ્ ।
પ્રૌઢ પ્રતાપાશ્રિત લોક તંત્રં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૫॥
યોગાદ્વિનાકારિત સત્સમાધિં,
સદ્ભક્તસંઘાત વિનાશિતાધિમ્ ।
સંપ્રાપયંતં તમનાદ્યુપાધિં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૬॥
સર્વાવતારાન્ પ્રવિલાપયંતં,
સર્વાવતારિત્વમહો ધરન્તમ્।
સ્વરાડિતિ સ્વાન્ પરિદર્શયંતં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૭॥
માયેશ બ્રહ્માક્ષર સંઘબીજં,
યેનાદિમુક્તા અપિતેષુ બીજમ્ ।



તં સર્વદાત્યંતિક મુક્તિબીજં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૮॥
પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં,
દત્વા સ્વકેભ્યો નિજમૂર્તિ દાનમ્ ।
યાવદ્ રવીન્દુ પ્રગટ પ્રમાણં,
શ્રી સ્વામિનારાયણમા નમામિ ॥૯॥

## ૪. પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
મહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ...૧
મોહિ મેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર...૨
તુમારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસ કો, દીજે સમાગમ મોય...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ;
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સૂનો બાત;

દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત...૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ...૬
સો પત્રી મેં અતિ બડે, નિયમ એકાદશ હોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય...૭
હિંસા ન કરની જંત કી, પરત્રિયા સંગ કો ત્યાગ;
માંસ ન ખાવત મદ્ય કું, પિવત નહિ બડભાગ...૮
વિધવા કું સ્પર્શત નહિ, કરત ન આતમઘાત;
ચોરી ન કરની કાહુ કી, કલંક ન કોઈકું લગાત...૯
નિંદત નહિ કોઈ દેવ કું, બિનખપતો નહિ ખાત;
વિમુખ જીવ કે વદન સે, કથા સુની નહિ જાત.૧૦
એહી વિધિ ધર્મ કે નિયમ મેં, બરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઔર સબ આશ.૧૧
રહી એકાદશ નિયમ મેં, કરો શ્રી હરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામ મેં, જાઓ નિઃશંક જગજીત.૧૨



## ૫. સ્તુતિ ગાન

(રાગ : શાર્દૂલવિક્રીડિત)

આવ્યા અક્ષરધામના આ રાજા,
સર્વોપરી શ્રીહરિ,
સહજાનંદ ઘનશ્યામ નામ ધારી,
શ્રીજી દયા દિલ ધરી;
જાણી બિરદ નાથ સનાથ કરવા,
પૃથ્વી પરે વિચર્યા,
ખમ્મા શ્રી ઘનશ્યામ તમોને ખમ્મા,
રસબસ અમોને કર્યા...૧
ઝળહળ ઝળહળ તેજમાં બિરાજે,
હરિકૃષ્ણ કરુણાનિધિ,
તેણે ભૂપર દર્શન દાન દઈને,
સંભાળ સૌની લીધી;
ધરિયું પૂર્ણ પ્રતાપી નામ પોતે,
શ્રી સ્વામિનારાયણ સદા,
એ નામે અગણિત જીવ તાર્યા,
ટાળી બધી આપદા...૨



એવા શ્રીજી સમર્થ મોક્ષદાતા,
કર્તા નિયંતા તમે,
હે સહજાનંદ ! પૂર્ણકામ સ્વામી,
જાણ્યા પ્રભુજી અમે;
મહિમા દિવ્ય અપાર આપ કેરો,
છે શ્યામ સર્વોપરી,
માગીએ વરદાન હાથ જોડી,
એ આપજો શ્રીહરિ...૩
કહીએ શું સુખદેણ વેણ વ્હાલા,
મુક્તપતિ રાજને,
આવ્યા દાસ અનેક આપ શરણે,
તેના કર્યા કાજને;
પ્રસરાવી જ પ્રતાપ દિગ્વિજયના,
ડંકા દીધા છે ઘણા,
સંશય છેદી ભેદી સહુના,
આશ્રિત કર્યા નિજતણા...૪
પ્રગટ્યા જીવનપ્રાણ અબજીબાપા,
અહોકૃપા આ ધન્ય ઘડી,



શ્રીજી સંકલ્પમૂર્તિ છો જ આપે,
એ વાતની હા પડી;
સ્થિતિ મુક્ત અનાદિ કેરી આપે,
સર્વે જનોને દીધી,
દર્શન સ્પર્શ જમી જમાડી સહુને,
મૂર્તિની લ્હાણી કીધી...૫
અપરંપાર અપાર કરી કૃપા,
સહુ જીવને સુખિયા કર્યા,
દઈને મૂર્તિ જ્ઞાન દાન બહુ જીવને,
મુક્તો અનાદિ કર્યા;
એવી દિવ્ય અનુપ સૌમ્ય મૂર્તિ,
અપાર સુખે ભરી,
ઉત્તમ સ્થિતિ અનાદિમુક્ત કેરી,
આપે પ્રથમ સુગમ કરી...૬
હે બાપા, સુખમૂર્તિદાતા શ્રીહરિતણા,
તેજોમય પ્યારા તમે,
અગણિત સુખ અપાર આપ મહિમા,
કહો કેમ જાણી શકીએ અમે;

અતિ ઉત્તમ નવીન દિવ્ય સુખડાં,
સ્હેજે કૃપાળુ અપાવજો,
રસબસ ઓતપ્રોત શ્રીજીરૂપ કરી,
મુજ દેહભાવ ટળાવજો...૭
હે સ્વામીય ! સમર્થ અર્થ સઘળા
સહુ જ્ઞાનના સુગમ કર્યા,
વેઠી કષ્ટ અઢાર વર્ષ પૂરાં,
જ્ઞાનામૃતો ખુલ્લાં કર્યાં;
અન્વય ને વ્યતિરેક છેક છૂટા,
સુગમ કરી સમજાવિયા,
તે કારણ અનંત જીવ સ્હેજે,
હરિ મૂર્તિને પામિયા...૮
શ્રીજી સંકલ્પસ્વરૂપ આપ સ્વામી,
સિદ્ધાંતમાં નીડર શૂરા,
કારણ સત્સંગ રૂપ મૂર્તિ સ્થાપી,
ખૂંટ જ્ઞાનના ખોડ્યા ખરા;
હે સ્વામી, સુખ મૂર્તિદાતા શ્રીહરિતણા,
પૂરો અમારી આશજી,



તે કારણ નિત્ય નમીએ જ સ્વામી,
શ્રી ઈશ્વરચરણદાસજી...૯
હે સ્વામી, તવ દિવ્યરૂપ પેખી,
સહુ જીવને શાંતિ વળે,
જાણે સિંધુ શાંત જ્ઞાન ગંભીર તણો,
જેથી મૂર્તિરૂપ મોજું મળે;
હરતા ફરતા હેતમાં સહુજન પરે,
કર્તા ય મૂર્તિ પ્રકાશજી,
નમીએ નિત્ય અનાદિમુક્ત સ્વામી,
શ્રી વૃન્દાવનદાસજી...૧૦
હે સ્વામીય ! સદાય દિવ્ય મૂર્તિ,
શ્રીજી સ્વરૂપમાં રહ્યા,
તે કારણ શુભ શાંત દિવ્ય પેખી,
મુનિ નામથી પ્રસિદ્ધ થયા;
કર જોડી વિનંતી કરું લળી લળી,
પૂરો ય મૂર્તિ પ્યાસજી,
એવા સિદ્ધ અનાદિમુક્ત સદ્‌ગુરુ,
શ્રી કેશવપ્રિયદાસજી...૧૧



**(ચલતી)**

મુક્ત થઈને દાસભાવે, દિવ્ય સુખને માગીએ,
અહોનિશ બાપા, દિવ્યરૂપે, મૂર્તિમાં વિરામીએ;
દયા કરો હરિ દીન પરે, માગું છું લળી લળી,
આ પ્રાર્થના સ્વીકારો જીવન, શ્રીજી ને બાપા વળી.

**(સ્રગ્ધરા વૃત્ત)**

દિવ્ય શ્રીજીસ્વરૂપ, રસબસ છે અંદર,
મુક્તો અનાદિ દિવ્ય,
ભોગોને જાણો દિવ્ય, પ્રગટ પ્રભુતણા,
સુખ છે નિત્ય દિવ્ય;
અંગો અંગમાં તેજ, ઝળહળ ઝળકે,
ધામ છે તેનું દિવ્ય,
દિવ્ય જાણે ક્રિયાઓ, સકળ શ્રીજી તણી,
સદ્ય તે થાય દિવ્ય...૧
શ્રીજી આજે પધાર્યા કરી અધિક દયા,
મૂર્તિમાં રાખવાને,
જીવોને દેખી દુખિયા કરી અતિ કરુણા,
આપદા હરવાને;



વ્હાલાના રોમેરોમે અતિ અતિ સુખ છે,
તેહને પામવાને,
વંદું ધ્યાવું શ્રીહરિને, નિશદિન સમરું,
સુખમાં થીજવાને...૨

## ૮. પોઢણિયું

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયાંમાં નીંદરા ભરાણી રે...પોઢો ૧
હાં રે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી ફૂલડાની ટોપી (•) ધારો રે...પોઢો ૨
હાં રે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારો રે...પોઢો ૩
હાં રે તમે કેડના પટકા છોડો રે,
પછી ફૂલની પછેડી(★) ઓઢો રે...પોઢો ૪
હાં રે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે.પોઢો ૫

શિયાળામાં (•)બનાતની ટોપી (★)શાલ દુશાલા

## ૯. સ્વાભાવિક ચેષ્ટા

### ૧. લીલાચિંતામણિનાં પદ

**પદ-૧**

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, સ્વામિનારાયણની ગાવું...૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને...૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે...૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની...૪
ગાઉં હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી...૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે...૬
રમૂજ કરતા રે, રાજીવનેણ રૂપાળાં;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા...૭



બેવડી રાખી રે, બબ્બે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કોઈક માળા તોડે...૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતાં;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતાં...૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કે' રે, ધ્યાન ધરે બહુનામી...૧૦

**પદ-૨**

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની...૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે...૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે...૫



સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;
તેમને જોઈને રે, મગન થઈ મહારાજા...૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે...૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતાં આવે રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

**પદ-૩**

મનુષ્યલીલા રે, કરતાં મંગળકારી;
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી...૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ...૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી...૩



યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત...૪
જયારે હરિજન રે, દેશ દેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે...૫
જાણીપોતાનારે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ...૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ...૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઇન્દ્રિય મનને...૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ...૯
પહેલીઆંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન...૧૦

**પદ-૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી...૧

ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે...૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી...૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે...૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે...૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રિસાવે...૬
કથા સાંભળતાં રે,"હરે હરે" કહી બોલે;
મર્મ કથાનો રે, સૂણી મગન થઈ ડોલે...૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં 'હરે' બોલાય...૮
થાય સ્મૃતિ રે, પોતાની જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની...૯



એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે...૧૦

**પદ-૫**

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી...૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા...૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ...૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિત;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે...૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી...૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને...૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી...૭



ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણકમળ દે નાથ...૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી...૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા પ્રતિપાળ...૧૦

**પદ-૬**

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી...૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે...૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને...૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ...૪
ક્યારેક વાતો રે, કરતાં થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ...૫



અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો...૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય...૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે...૮
ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી...૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વ્હાલો રે, પ્રેમાનંદનો હેલી...૧૦

**પદ-૭**

નિત્ય નિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય...૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વ્હાલે...૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે...૩

ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી...૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ...૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ...૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં...૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે...૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી...૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લૂવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે...૧૦

**પદ-૮**

રૂડાં શોભે રે, નાહીને ઊભા હોયે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નિચોવે...૧



પગ સાથળને રે, લૂઈને સારંગપાણિ;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી...૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે...૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા...૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી...૫
જમણા પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ...૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ...૭
જણસ સ્વાદું રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા...૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે...૯



ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ...૧૦

**પદ-૯**

ચળું કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને...૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે...૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો...૩
વર્ષાઋતુ રે, શરદઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી...૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ના'વા પધારે રે, ઘેલે પૂરણકામ...૫
બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ના'ય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય...૬
નાહીને બા'રા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી...૭



પાવન યશને રે, હરિજન ગાતાં આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે...૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર...૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

**પદ-૧૦**

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ...૧
ફળિયા માંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે...૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને...૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે...૪
સૂતાં સૂતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત ફેરવે ચિત્ત દઈને...૫

ભૂલ ન પડે રે, કે'દી એવું નેમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ...૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડકી જાય...૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
"કોણ છે"? પૂછે રે, સેવકને સુખધામ...૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર...૯
જે કોઈ પ્રીતે રે, શીખશે સુણશે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે...૧૦

**રાગ : ગરબી**

ઓરા આવો શ્યામ સ્નેહી,
સુંદરવર જોઉં વ્હાલા,
જતન કરીને જીવન મારા,
જીવમાંહી પ્રોઉં વ્હાલા...૧
ચિહ્નન અનુપમ અંગોઅંગનાં,
સૂરતે સંભારું વ્હાલા,



નખશિખ નીરખી નૌતમ મારા,
ઉરમાં ઉતારું વ્હાલા...૨
અરુણ કમળસમ જુગલ ચરણની,
શોભા અતિ સારી વ્હાલા,
ચિંતવન કરવા આતુર અતિ,
મનવૃત્તિ મારી વ્હાલા...૩
પ્રથમ તે ચિંતવન કરું,
સુંદર સોળે ચિહ્નન વ્હાલા,
ઊર્ધ્વરેખા ઓપી રહી,
અતિશે નવીન વ્હાલા...૪
અંગૂઠા આંગળી વચ્ચેથી,
નીસરીને આવી વ્હાલા,
પાનીની બે કોરે જોતાં,
ભક્તને મન ભાવી વ્હાલા...૫
જુગલ ચરણમાં કહું મનોહર,
ચિહ્નન તેનાં નામ વ્હાલા,
શુદ્ધ મને કરી સંભારતાં,
નાશ પામે કામ વ્હાલા...૬



અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા,
સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા,
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ,
જમણે પગે નવ વ્હાલા...૭
ત્રિકોણ, કળશ ને ગોપદ સુંદર,
ધનુષ્ય ને મીન વ્હાલા,
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે,
ડાબે પગે ચિહ્નન વ્હાલા...૮
જમણા પગના અંગૂઠાના,
નખમાંહી ચિહ્નન વ્હાલા,
તે તો નીરખે જે કોઈ ભક્ત,
પ્રીતિએ પ્રવીણ વ્હાલા...૯
એ જ અંગૂઠાની પાસે,
તિલ એક નૌતમ ધારું વ્હાલા,
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે,
પ્રાણ લઈ વારું વ્હાલા...૧૦



**રાગ : ધોળ પદ-૧**

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે,
શ્વાસો શ્વાસે તે નિત્ય સંભારું રે...૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે...૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે...૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે...૪
દુરિજન મન રે માને તેમ કહેજો રે,
સ્વામી મારા હૃદિયાની ભીતર રહેજો રે...૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી રે...૬

**પદ-૨**

હવે મારા વ્હાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારું...૧

ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર...૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...૪
તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી...૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૬
પધાર્યા વ્હાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી...૭
ભાંગી મારી જન્મો જનમની ખામી,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી...૮

(હવે ઠાકોરજી પોઢાડવાની
પાંચમી માનસીપૂજા કરવી)



## રાગ : બિહાગ-પોઢણિયું

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ(૨),
સંતન કો વિશ્રામ...પોઢે
અક્ષર પર આનંદઘન પ્રભુ,
કીયો હૈ ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા(૨),
લહત અક્ષરધામ...પોઢે
શારદ શેષ મહેશ મહા મુનિ,
જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી(૨),
હોવત જન નિષ્કામ...પોઢે
પ્રેમ કે પર્યંક પર પ્રભુ,
કરત સુખ આરામ;
મુક્તાનંદ નિત્ય ચરન ઢિંગ ગુન(૨),
ગાવત આઠો જામ...પોઢે



## રાગ : ગરબી

રે શ્યામ તમે સાચું નાણું,
બીજું સર્વે દુઃખદાયક જાણું...રે શ્યામ
રે તમ વિના સુખ સંપત કહાવે,
તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે,
અંતે એમાં કામ કોઈ ના'વે...રે શ્યામ
રે મૂરખ લોક મરે ભટકી,
જૂઠા સંગે હાં રે શિર પટકી,
એથી મારી મન વૃત્તિ અટકી...રે શ્યામ
છે અખંડ અલૌકિક સુખ સારું,
તે જોઈ જોઈ મન મોહ્યું મારું,
ધરા ધન તમ ઉપર વારું...રે શ્યામ
રે બ્રહ્માથી કીટ લગી જોયું,
જૂઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું...રે શ્યામ



## ૨. ધ્યાનચિંતામણિનાં પદ

### રાગ : ગરબી

### પદ-૧

વંદું સહજાનંદ રસરૂપ,
અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ,
કરે ભવ પારને રે લોલ...૧
સમરું પ્રગટ રૂપ સુખધામ,
અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ,
ભજે તજી કામને રે લોલ...૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર,
કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય,
નિગમ નેતિ કહે રે લોલ...૩
વર્ણવું સુંદર રૂપ અનુપ,
જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ,
રહો ઉરમાં રમી રે લોલ...૪

## પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ,
કે જોઉં તારી મૂર્તિ રે લોલ;
જતન કરી રાખું રસિયા રાજ,
વિસારું નહિ ઉરથી રે લોલ...૧
મન મારું મોહ્યું મોહનલાલ,
પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ,
ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ...૨
વ્હાલા તારું ઝળકે સુંદર ભાલ,
તિલક રૂડાં કર્યાં રે લોલ,
વ્હાલા તારા વામ કરણમાં તિલ,
તેણે મનડાં હર્યાં રે લોલ...૩
વ્હાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ,
કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ,
કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ...૪



## પદ-૩

વ્હાલા મુને વશ કીધી વૃષરાજ,
વાલપ તારા વા'લમાં રે લોલ,
મન મારું તલપે જોવા કાજ,
ટીબકડી છે ગાલમાં રે લોલ...૧
વ્હાલા તારી નાસિકા નમણી નાથ,
અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન,
જોયા જેવી ચાલ છે રે લોલ...૨
વ્હાલા તારા દંત દાડમનાં બીજ,
ચતુરાઈ ચાવતા રે લોલ,
વ્હાલા મારા પ્રાણ હરો છો નાથ,
મીઠું મીઠું ગાવતા રે લોલ...૩
વ્હાલા તારે હસવે હરાણું ચિત્ત,
બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ,
કે તમ કેડે ભમે રે લોલ...૪



## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ,
રૂડી રેખાવળી રે લોલ,
વ્હાલા મારું મનડું મળવા ચહાય,
કે જાય ચિત્તડું ચળી રે લોલ...૧
વ્હાલા તારી જમણી ભુજાને પાસ,
રૂડાં તિલ ચાર છે રે લોલ,
વ્હાલા તારા કંઠ વચ્ચે તિલ એક,
અનુપમ સાર છે રે લોલ...૨
વ્હાલા તારા ઉરમાં વિણગુણ હાર,
જોઈ નેણાં ઠરે રે લોલ,
વ્હાલા તે તો જાણે પ્રેમીજન,
જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ...૩
રસિયા જોઈ તમારું રૂપ,
રસિક જન ઘેલડાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ,
સુંદરવર છેલડાં રે લોલ...૪



## પદ-૫

વ્હાલા તારી ભુજા જુગલ જગદીશ,
જોઈને જાઉં વારણે રે લોલ,
કરનાં લટકાં કરતા લાલ,
આવોને મારે બારણે રે લોલ...૧
વ્હાલા તારી આંગળીઓની રેખા,
નખમણિ જોઈને રે લોલ,
વ્હાલા મારા ચિત્તમાં રાખું ચોરી,
કહું નહિ કોઈને રે લોલ...૨
વ્હાલા તારા ઉરમાં અનુપમ છાપ,
જોવાને જીવ આકળો રે લોલ,
વ્હાલા મારે હૈડે હરખ ન માંય,
જાણું જે હમણાં મળો રે લોલ...૩
વ્હાલા તારું ઉદર અતિ રસરૂપ,
શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ,
મળું ભરી બાથજી રે લોલ...૪

**પદ-૬**

વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ,
રસિક જોઈને જીવે રે લોલ,
વ્હાલા એ રસના ચાખણહાર,
કે છાસ તે નવ પીવે રે લોલ...૧
વ્હાલા મારે સુખસંપત તમે શ્યામ,
મોહન મનભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ,
હસીને બોલાવતા રે લોલ...૨
વ્હાલા તારું રૂપ અનુપમ ગૌર,
મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વ્હાલા તારું જોબન જોવા કાજ,
કે ચિત્ત ચરણે નમે રે લોલ...૩
આવો મારા રસિયા રાજીવનેણ,
મર્મ કરી બોલતા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના સેણ,
મંદિર મારે ડોલતા રે લોલ...૪



**પદ-૭**

વ્હાલા તારું રૂપ અનુપમ નાથ,
ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોઉં સુંદર છેલ,
આવોને ઓરા અમ ભણી રે લોલ...૧
વ્હાલા તારી નાભિ નૌતમ રૂપ,
ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને સહજાનંદ,
કે મન રંગચોળ છે રે લોલ...૨
વ્હાલા તારી જંઘા જુગલની શોભા,
મનમાં જોઈ રહું રે લોલ,
વ્હાલા નિત્ય નીરખું પિંડી ને પાની,
કોઈને નવ કહું રે લોલ...૩
વ્હાલા તારા ચરણકમળનું ધ્યાન,
ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ,
રાખું મારા ચિત્તમાં રે લોલ...૪



**પદ-૮**

વ્હાલા તારા જુગલ ચરણ રસરૂપ,
વખાણું વ્હાલમાં રે લોલ,
વ્હાલા અતિ કોમળ અરુણ રસાળ,
ચોરે ચિત્ત ચાલમાં રે લોલ...૧
વ્હાલા તારે જમણે અંગૂઠે તિલ,
કે નખમાં ચિહ્ન છે રે લોલ,
વ્હાલા છેલી આંગળીએ તિલ એક,
જોવાને મન દીન છે રે લોલ...૨
વ્હાલા તારા નખની અરુણતા જોઈને,
શશીકળા ક્ષીણ છે રે લોલ,
વ્હાલા રસચોર ચકોર જે ભક્ત,
જોવાને પ્રવીણ છે રે લોલ...૩
વ્હાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત,
રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમસખી કર જોડી,
દેજો દાન દાસને રે લોલ...૪



## ૩. બાપાશ્રીનું જીવનકવન

**રાગ : પૂર્વછાયો**

કહું અલૌકિક વાર્તા, પ્રભુ પ્રગટની આ વાર;
જે જન શ્રવણે સાંભળે, તે થાય અક્ષર પાર,
સૂરજ સહજાનંદજી, અંતર્ધ્યાન થયા જે વાર;
તેને વાસર બહુ વીતિયા, કર્યો સંકલ્પ શ્રીજી તે વાર,
સર્વોપરી જ્ઞાન આપવા, મૂર્તિમાં લેવા સાર;
મુક્ત દ્વારે વિચરું, સતસંગમાં આ વાર,
મુક્ત જે મારા જેવા, મારી મૂર્તિમાં રહેનાર;
તે દ્વારા સુખ આપવું, મારી મૂર્તિનું નિરધાર,
જેણે તપ તીખું કર્યું, મને પ્રસન્ન કરવા કાજ;
પુત્રની ઇચ્છા એહને, તેના પૂરું મનોરથ આજ.

**રાગ : ચોપાઈ**

કાળી તલાવડીએ નિત ના'તા,
પ્રેમીભક્ત એ શ્રીજીના હતા;
દીધાં દરશન શ્રીજી હુલ્લાસે,

માગો બાઈ વચન મુજ પાસે.
ત્યારે બાઈ બોલ્યા બોલ એવો,
ખપે પુત્ર તમારા જ જેવો;
મારા મુક્ત મારા જેવા જેહ,
લેશે અવતાર તમ ઘેર તેહ.
મારી મૂર્તિમાં સદા રહેનારા,
થાશે પુત્ર રૂપે તે તમારા;
સુણી રાજી થયા ભક્તરાજ,
મારી ઈચ્છા પૂરી થઈ આજ.
કચ્છ દેશમાં બળદિયા ગામ,
કણબી કુળે પાંચાપિતા નામ;
દેવબાઈ પતિવ્રતા માત,
તિયાં પ્રગટ્યા મુક્ત સાક્ષાત્.
સંવત ઓગણીસો એકની તિથિ,
માસ કારતિક પ્રબોધિની હતી;
દીધાં દરશન દયાળે જ્યારે,
વાર ચંદ્રનો તો હતો ત્યારે.
માતપિતાને હરખ વધાઈ,



નામ ધરાવ્યું અબજીભાઈ;
શ્રીજી સંકલ્પ મોટા થયા જ્યારે,
સંત હરિજને ઓળખ્યા ત્યારે.
મોટા જાણી નામે સહુ શીશ,
રહેતા સમાધિમાં અહોનિશ;
સંત હરિજન જે જોગ કરતા,
તેને સર્વોપરી વાતો કરતા.
સર્વ અવતારના અવતારી,
શ્રીજી મૂર્તિ અલૌકિક ન્યારી;
સર્વ કારણ સર્વ આધાર,
સર્વ નિયંતા દિવ્ય સાકાર.
એવા સ્વામિનારાયણ એક,
બીજા તો બધા એના સેવક;
જીવકોટિ ને ઈશ્વરકોટિ,
મહાકાળ નરનારાયણકોટિ.
શ્વેતદ્વીપના પતિ છે જેહ,
બ્રહ્મકોટિ વાસુદેવ એહ;
વાસુદેવના ઉપરી જેહ,



મૂળઅક્ષર કહેવાય તેહ.
મૂળઅક્ષરથી મોટા કહેવાય,
એકાંતિક તો સત્સંગમાંય;
એકાંતિકથી મોટા જે કહ્યાં,
તે તો અક્ષરધામમાં રહ્યાં.
પરમએકાંતિક તે કહેવાય,
રહે શ્રીજી સન્મુખ સદાય;
તેથી મોટા અનાદિ કહેવાય,
રહે શ્રીજી મૂર્તિમાં સદાય.
રસબસ એ મૂર્તિમાં રહે છે,
રોમેરોમ નવીન સુખ લે છે;
તોય મૂર્તિનો પાર ન પામે,
અપાર અપાર કહીને વિરામે.
ઓતપ્રોત તાણો વાણો બેય,
અનાદિ જળ તરંગવત્ છેય;
એવા અનાદિ તો અમે નક્કી,
આવ્યા શ્રીજીની મૂર્તિ થકી.
શ્રીજી સંકલ્પ તો અમે આવ્યા,



ભેળી શ્રીજીની મૂર્તિ લાવ્યા;
જેને જોઈએ તે આવજો લેવા,
અમે તો આવ્યા મૂર્તિ દેવા.
અમારે તો એક જ વેપાર,
દેવી મૂર્તિ એ જ કરાર;
કોઈ લ્યો કોઈ લ્યો એમ કહેતા,
કેવળ કૃપાએ મૂર્તિ દેતા.
સંત હરિજન જે જોગ કરતા,
તેને બાપા આવી વાતો કરતા;
દેશ વિદેશમાં જ્યાં જ્યાં જાતા,
મુમુક્ષુ જન તરત ખેંચાતા.
જેમ લોહ ચમક દેખી ચળે,
સંત હરિજન એ રીતે મળે;
જેમ નદીયું સમુદ્રમાં જાય,
સંત હરિજન એમ ખેંચાય.
દેશ વિદેશથી જે આવતા,
તેને મૂર્તિ મહારાજની દેતા;
એવી રીતે બાપાશ્રીએ આવી,

મૂર્તિરસની રેલ ચલાવી.
વળી વચનામૃતની ટીકા કીધી,
કરી બે ભાગ વાતો પ્રસિદ્ધિ;
તેમાં લખાવ્યા છે એવા મુદ્દા,
મૂળઅક્ષરથી પુરુષોત્તમ જુદા.
તેના લખનારા સદ્‌ગુરુ સ્વામી,
ઈશ્વરચરણદાસજી અકામી;
તેને વાંચે રાખે સુણે જેહ,
મોક્ષ આત્યંતિક પામે તેહ.
એવાં કૃપા વચનો જેણે કહાવ્યાં,
તે તો મૂર્તિમાં રાખવા આવ્યા;
નથી ઉધારો પાડો ને હા જ,
થયાં રોકડાં કલ્યાણ આજ.
જે છે અક્ષરધામે સદાય,
તે મૂર્તિ દેહ છતાં પમાય;
મોટા ઓળખવા એ છે ઘાંટી,
મનુષ્યભાવની રહી જાય આંટી.
જેણે ઓળખ્યા સંશય કાપી,



તેને બાપાએ મૂર્તિ આપી;
જેણે ઓળખ્યા નહિ લગાર,
તેને તો થઈ મૂર્તિની વાર.
જેણે જોગમાં સંશય કર્યા,
તેણે તો ફેર જનમ ધર્યા;
જેણે અવગુણ લીધા છે ભારી,
તેની તો થઈ ભારે ખુવારી.
જેણે ખોટા ખોટા નાખ્યા તૂત,
તે તો મરીને થયા છે ભૂત;
જેને બાપાના થયા છે મેળા,
તેને તો રાખ્યા મૂર્તિમાં ભેળા.

### રાગ : પૂર્વછાયો

જે જનને સંશય ટળ્યા,
એને મળ્યા પ્રગટ મહારાજ;
મુક્ત પણ પ્રગટ મળ્યા,
અને પ્રગટ સંત સમાજ,
સંત હરિજન સાંભળો,
હું અલ્પ મતિ તમ પાસ;



ઓળખ્યા અબજીતાતને,
શ્રીજી કૃપાએ કરમણદાસ.

### રાગ : સોરઠા

ગુન્હા કર્યા બક્ષિસ, કેવળ કૃપા વાપરી,
સ્વામી સેવક ભાવે, રાખ્યા મૂર્તિમાં સદા.

### ૪. 'સ્વામિનારાયણ'નામ પ્રતાપ

વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત્;
અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર...૧
માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં તેહ;
કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર...૨
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણ મુનિ નામ...૩
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતાપિતા કહેતાં કરી સ્નેહ;
એમ નામ અમારાં તે બહુ, પાડ્યાં નોખાં નોખાં જને સહુ..૪
પણ મુખ્ય અમારું જે નામ,તે તો ભૂલી ગયા છે તમામ;
કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી...૫



હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;
સ્વામિનારાયણ મારું નામ, સંભારતા સૌને સુખધામ...૬
બીજાં નામ લે કોઈ અપાર, તોય આવે નહિ એની હાર;
સ્વામિનારાયણ નામ સાર, લીયે એક વાર નિરધાર...૭
તેને અપાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;
માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી..૮
સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર;
સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી...૯
બીજાં નારાયણ નામ ઘણાં, કહું નામ થોડાંક તે તણાં;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય..૧૦
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવનારાયણ સાર, એવાં નારાયણ નામ અપાર..૧૧
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ...૧૨
સર્વોપરી નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ...૧૩
એમ હરિએ નિજ નામ તણો, કહ્યો મહિમા મુખેથી ઘણો(૨)

## ૧૦. કીર્તન

### ૧. સ્વામિનારાયણ મહામંત્ર મહિમા

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આ જ ગણાય એક.૧

જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં અપાર;
જપ્યા થકી જે ફળ થાય તેનું, કરી શકે વર્ણન કોણ એનું.૨

ષડાક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, છતે દેહે મૂર્તિધામ આપે.૩

ગાયત્રીથી અનંત ગણો વિશેષ, જાણે નહિ જેનો મહિમા અક્ષરેશ;
જ્યાં જ્યાં મહા મુક્તજનો વસાય, આ કાળમાં તોજપ એ જ થાય.૪

જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે.૫

તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.૬

ષડાક્ષરો છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે,સર્વે ક્રિયામાં સમરો સદાયે.૭



પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.૮

જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં.૯

શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજાળવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું.૧૦

### ૨. આજ સખી આનંદની હેલી

આજ સખી આનંદની હેલી,
હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;
મહા રે મુનિના ધ્યાનમાં ના'વે,
તે રે શામળિયોજી મુજને બોલાવે...૧
જે સુખને ભવ બ્રહ્માદિક ઇચ્છે,
તે રે શામળિયોજી મુજને રે પ્રીછે;
ન ગઈ ગંગા ગોદાવરી કાશી,
ઘેર બેઠાં મળ્યા ધામના વાસી...૨
તપ રે તીર્થમાં હું કાંઈ નવ જાણું,
સ્હેજે સ્હેજે રે હું તો સુખડાં રે માણું;



જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા,
વાતની વાતે વાલો અઢળક ઢળિયા...૩

### ૩. ઘેરે ચાલી આવિયા

ઘેરે ચાલી આવિયા બ્રહ્મમહોલવાસી રે,
જેને કહે છે અક્ષરાતીત અવિનાશી રે...૧
જુઓ જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,
વરી એને થાઓ અખંડ સોહાગી રે...૨
જોતા વાટ આવી મારે જાન રે,
પોતે વર પુરુષોત્તમ ભગવાન રે...૩
સંત-ભક્તાદિક ધરે જેનું ધ્યાન રે,
મારાં લોચન કરે તે મુખડાનું પાન રે...૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોંટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે...૫
હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે...૬



### ૪. અમે તો બાપાનાં સંતાન

અમે તો બાપાનાં સંતાન,
અમારા બાપા જીવનપ્રાણ...ટેક
બાપાને શિર પાઘ સોહાવે,
શોભે અંગરખીની ચાળ;
ગુલાબના હાર ગજરા બાજુ,
ધારણ એ કરનાર...૧
પ્રેમીજનોને લાડ લડાવી,
આપ્યાં સુખ અપાર;
ટાણે ટાણે દુઃખડાં કાપવાં,
સદાય છે તૈયાર...૨
બાપાશ્રી છે રક્ષક જેના,
દ્રોહી શું કરનાર;
બાપાશ્રીના કર છે શિર પર,
ભાગ્ય તેના અપાર...૩
બાપાશ્રીની વાણી તે છે,
મૂર્તિ સુખ દેનાર;
જ્યારે વાતો વંચાય ત્યારે,
બાપા બોલનહાર...૪

બાપાશ્રી આજ પ્રગટ મળ્યા તો,
કોની હવે ઓશિયાળ;
દાસાનુદાસ કહે મસ્ત બનો ભાઈ,
બાપા છે રખવાળ...પ

## ૧૧. પ્રાર્થના

### ૧. સંકલ્પ પ્રાર્થના

હો પ્રાણપ્યારા શ્રીજી,આ સંકલ્પમાં બળ આપજો.ટેક
લાવ્યા છો તવ સંકલ્પે તો, સંકલ્પમાં જ સમાવજો;
સમય, શક્તિ, બુદ્ધિ, આવડત, તવ અર્થે વપરાવજો,
તવ અર્થે વપરાવજો, બસ દિવ્યજીવન કરાવજો.૧
દીકરા-દીકરી ઘરનાં સભ્યો, અનાદિમુક્ત મનાવજો;
મારા છે એ ભાવ ભૂલીને, તવ અર્થે જિવાડજો,
નોકરી ધંધા દ્રવ્યાદિક સૌ, ટ્રસ્ટીપદે ભોગવાવજો;
ટ્રસ્ટીપદે ભોગવાવજો, સમયે સ્હેજે છોડાવજો.ર
આપને અર્થે જનમ અમારો, સમજણ દૃઢ કરાવજો;
દેહ નહિ હું મુક્ત અનાદિ, અખંડ મનન રખાવજો,



રસબસ કરીને મૂર્તિમાં રાખ્યા,'મહારાજ' જ ઠસાવજો;
'મહારાજ' જ ઠસાવજો, બસ તવ સુખમાં ડુબાડજો.૩

### ૨. હો શ્રીજી તમારું પ્રગટપણું

હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો;
હો શ્રીજી સદાય તમે રાજી રહો, એવું દિવ્યજીવન મારે જીવવું છે
હો શ્રીજી તમારું...ટેક
મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્ય દૃષ્ટિરૂપી તવ કેમેરો, સદાય અમ પર ધારો છો,
આજ્ઞા વિરુદ્ધ કશું થાય નહિ, એવું પ્રગટપણું રખાવજો.૧
રહેતા હોઈએ તમારી પાસે, અને જેવી મર્યાદા રહે;
જઈએ દૂર કે રહીએ એકાંતે, તોપણ તેવી મર્યાદા રહે,
સદાય રાજી કરી શકીએ, એવું જાણપણું રખાવજો.ર
જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દૃઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે,
એવા અંતરના શત્રુઓથી, સદા જય અમારો કરાવજો.૩



### ૩. આપના તે આભમાં

આપના તે આભમાં હું નાનું પારેવડું,
આપના ઈશારે ઊડી જાવું;
આપનાં વચન મારા જીવનનો રાહ છે,
આપની રુચિમાં જીવી જાવું...ટેક

આપની ઈચ્છામાં આયખું ઓગાળવું,
આપ ચાહો એમ મારે રહેવું;
દાસ તણો દાસ થઈ આપમાં હોમાઈ જવું,
દિવ્ય જીવન આપમાંથી લેવું...૧

વેણુ બનવું છે મારે આપના અધરતણી,
આપના જ સૂર હું રેલાવું;
મૂર્તિમાં રસબસ રાખો મારા સ્વામી,
મહિમા વિચારે ડૂબી જાઉં...ર

દીન બાળક હું આપનો ગુલામ બની,
રાજીપો આપનો કમાઉં;
મારગ પણ આપ મારી મંઝિલ પણ આપ છો,
મારે આપ વડે આપમાં સમાવું...૩



### ૪. તમારી મૂર્તિ વિના મારા નાથ રે

તમારી મૂર્તિ વિના મારા નાથ રે,
બીજું મને આપશો મા;

હું તો એ જ માગું છું જોડી હાથ રે;
બીજું મને આપશો મા...ટેક

આપો તમારા જનનો સંગ રે...બીજું
મારા જીવમાં એ જ ઉમંગ રે...બીજું ૧

મારા ઉરમાં કરો નિવાસ રે...બીજું
મને રાખો રસિયા તમ પાસ રે...બીજું ર

એ જ અરજી દયાનિધિ દેવ રે...બીજું
આપો ચરણકમળની સેવ રે...બીજું ૩

કરો ઈતર વાસના દૂર રે...બીજું
રાખો પ્રેમાનંદને હજૂર રે...બીજું ૪

## ૧૨. વચનામૃત

### ગઢડા પ્રથમનું ૧૫મું

સંવત ૧૮૭૬ના માગશર વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન છે અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે, ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી છે.

પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, (૧) જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે.(૧)

અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે ને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તોપણ કાયર ન થાય, ને નિત્ય નવી શ્રદ્ધા રાખે ને



મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય ને તે હઠાવ્યા હઠે નહિ, તો ભગવાનનો મોટો મહિમા સમજીને, પોતાને પૂર્ણકામ માનીને, તે સંકલ્પને ખોટા કરતો રહે, ને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે; તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય, તોપણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ. તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.

ઈતિ વચનામૃતમ્ ॥૧૫॥

## ૧૩. બાપાશ્રીની વાતો

### વાર્તા - ૩૨ (ભાગ - ૧)

વૈશાખ વદિ ૧૪ને રોજ બપોરે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, આજ તમને મળ્યા છે તે વ્યતિરેક મૂર્તિ છે ને તે થકી આત્યંતિક



કલ્યાણ થાય છે પણ અન્વય થકી થાતું નથી.

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, મોટાનો વિશ્વાસ તો હોય પણ વ્યતિરેક મૂર્તિનો મહિમા જાણી શકે નહીં. તેને મોટા શ્રીજીમહારાજની મૂર્તિને સમીપે લઈ જાય કે નહીં ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મોટા સાથે જેણે મન બાંધ્યું હોય ને આત્મબુદ્ધિ કરી હોય તો મોટા તેને મહારાજનાં સુખમાં લઈ જાય છે.

પછી વળી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, મુક્તને જોગે કરીને મુક્ત થયેલાનો જે જોગ કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય કે કેમ ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, જેવું અનાદિ મુક્તના જોગવાળાનું કલ્યાણ થાય છે તેવું જ તેના જોગવાળાનું થાય છે.

ત્યારે વળી સ્વામીએ પૂછ્યું જે, મુક્તના જોગે મુક્ત થાય છે તેને સુખ મહારાજ પોતે આપે છે કે મુક્ત અપાવે છે ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે જીવો ઉપર દયા કરીને જે અનાદિમુક્તને પૃથ્વી ઉપર મોકલ્યા હોય તે મુક્તને વશ થઈને મહારાજ પોતે સુખ આપે છે.



## ૧૪. મંગળ શ્લોકો

### (શાર્દૂલવિક્રીડિત છંદ)

આદૌ પ્રેમવતી વૃષાંગજનનમ્, સનૈક તીર્થાટનમ્,
દુષ્કર્મોપશમં ચ સાધુશરણમ્, સદ્ધર્મ સંસ્થાપનમ્ ।
હિંસાવર્જિતભૂરિયજ્ઞકરણમ્,મૂર્તિ પ્રતિષ્ઠાપનમ્,
આર્ય સ્થાપનમક્ષરાખ્યગમનમ્,સત્સંગિ સજ્જીવનમ્ ॥

સત્તેજોક્ષરધામ દિવ્ય વસતિં, શ્રી સ્વામિનારાયણં,
અનાદિ સ્વકલીનકં સુખકરં, પ્રત્યક્ષ વૈદેહિનં ।
પ્રત્યક્ષં મનુવિગ્રહં નિજજને ભ્યોમૂર્તિ સત્શર્મદં;
રોમૈશ્વર્ય મુદા ક્ષરાદ્યસુખદં, ધ્યાયે સદા સ્વામિનં ॥

દિવ્યં શ્રી ઘનશ્યામ કં શરણ દં, કૈશોર મૂર્તિ પરમ્,
તેજઃ પુંજ મુખારવિંદ સહજં, ધર્મસ્ય ભક્તેઃર્પ્રિયમ્ ।
દિવ્યા ભૂષણ વસ્ત્ર ભૂષિત પ્રભું, સત્સંગિ પૂજ્યં સદા;
કુંકું કેસર ભાલ ચન્દ્ર તિલકં, હર્ચ્યે સદા સ્વામિનં ॥

વાણી મંગલરૂપિણી ચ હસિતમ્ યસ્યાસ્તિ વૈ મંગલમ્,
નેત્રૈ મંગલદેચ દોર્વિલસિતં નૃણાં પરં મંગલમ્ ।

વક્ત્રં મંગલકૃચ્છ પાદચલિતમ્ યસ્યાખિલં મંગલમ્,
સોડયં મંગલમૂર્તિરાશુ જગતૌ નિત્યં ક્રિયાન્મંગલમ્ ॥

કલ્યાણા કર મુત્ત રાષ્ટ શતકં, યત્પ્રાર્થના સ્તોત્રકં,
ધર્માર્થાદિ ફલં ત્રિતાપ શમનં, સર્વોન્નતે શાન્તિ દં ।
પ્રેતાદ્યાભિચરાખ્ય ભીતિ શમનં, તત્સંસૃતેર્નાશકં;
ભક્તાનામભયં કરં સુખકરં, વંદે સદા સ્વામિનં ॥

વર્ણીવેશરમણીય દર્શનં મંદહાસ્યરુચિરાનનામ્બુજમ્,
પૂજિતં સુરનરૌત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥

## ૧૫. સ્વામિનારાયણ નામાવલી

૧. શ્રી હરિકૃષ્ણાય નમઃ
૨. શ્રી સહજાનંદાય નમઃ
૩. શ્રી ઘનશ્યામાય નમઃ
૪. શ્રી ન્યાલકરણાય નમઃ
૫. શ્રી મહાપ્રભવે નમઃ
૬. શ્રી સ્વામિનારાયણાય નમઃ
૭. શ્રી ભક્તિનંદનાય નમઃ



૮. શ્રી નીલકંઠ વર્ણયે નમઃ
૯. શ્રી શ્રીજીમહારાજાય નમઃ
૧૦. શ્રી પૂર્ણાર્થાય નમઃ
૧૧. શ્રી વૃષનંદનાય નમઃ
૧૨. શ્રી હરયે નમઃ
૧૩. શ્રી સ્વામિને નમઃ
૧૪. શ્રી સર્વોપરી સ્વરૂપાય નમઃ
૧૫. શ્રી સદ્‌ગુરુ ગુરવે નમઃ
૧૬. શ્રી સર્વાવતારીણે નમઃ
૧૭. શ્રી સદાસાકારાકૃતયે નમઃ
૧૮. શ્રી સદાનંદ ઘન સ્વરૂપાય નમઃ
૧૯. શ્રી શુદ્ધાય નમઃ
૨૦. શ્રી સર્વ કારણ કારણાય નમઃ
૨૧. શ્રી મહારાજાધિરાજાય નમઃ
૨૨. શ્રી જન્માજન્મને નમઃ
૨૩. શ્રી નિયામકાય નમઃ
૨૪. શ્રી સકલજ્ઞાય નમઃ
૨૫. શ્રી સદા પ્રાકટ્ય સ્વરૂપાય નમઃ
૨૬. શ્રી શાન્તાકૃતયે નમઃ



૨૭. શ્રી સ્વતંત્રાય નમઃ
૨૮. શ્રી મહાતેજાક્ષરધામાધિપતયે નમઃ
૨૯. શ્રી સ્વમૂર્તિ પ્રદાત્રે નમઃ
૩૦. શ્રી સ્વસર્વોત્તમધામદાય નમઃ
૩૧. શ્રી દિવ્યાતિદિવ્યાય નમઃ
૩૨. શ્રી નિર્દોષાય નમઃ
૩૩. શ્રી વ્યતિરેક સ્વરૂપાય નમઃ
૩૪. શ્રી સંકલ્પસ્વરૂપાય નમઃ
૩૫. શ્રી અતિપૂતાય નમઃ
૩૬. શ્રી મૂર્તિસ્વરૂપાત્મક સુખદાય નમઃ
૩૭. શ્રી નિત્યમુક્ત સ્થિતિ કરાય નમઃ
૩૮. શ્રી અનાદિ સ્વલીન સ્થાય નમઃ
૩૯. શ્રી પરમએકાંતિક સન્મુખાય નમઃ
૪૦. શ્રી સર્વાતિમુક્તાધિપતયે નમઃ
૪૧. શ્રી તેજોંશી અન્વય સ્વરૂપાય નમઃ
૪૨. શ્રી સકલાક્ષરાદ્ય રોમૈશ્વર્ય દાત્રે નમઃ
૪૩. શ્રી સત્ય પ્રતિજ્ઞાય નમઃ
૪૪. શ્રી વ્યાપ્તાનંત સત્કીર્તયે નમઃ
૪૫. શ્રી સ્વામિનારાયણ નામકરણાય નમઃ



૪૬. શ્રી સ્વનામ મહત્ત્વ દર્શકાય નમઃ
૪૭. શ્રી સ્વામિનારાયણ ધર્મ પ્રસ્તોત્રે નમઃ
૪૮. શ્રી પ્રૌઢ પ્રતાપાશ્રિત સુખદાય નમઃ
૪૯. શ્રી સદ્યઃ સમાધિ સ્થિતિકરાય નમઃ
૫૦. શ્રી નિત્યાત્યંતિક મોક્ષદાય નમઃ
૫૧. શ્રી પરબ્રહ્મવિદ્યા પ્રદાય નમઃ
૫૨. શ્રી પ્રતિમા સ્વરૂપ સદાપ્રત્યક્ષાય નમઃ
૫૩. શ્રી દિવ્યાતિશાંતિ પ્રદાય નમઃ
૫૪. શ્રી દિવ્યાભૂષણ વસ્ત્ર ભૂષિતાય નમઃ
૫૫. શ્રી સ્વસંત-ભક્ત મહિમા કરણાય નમઃ
૫૬. શ્રી સ્વસંગ સંગી સુખદાય નમઃ
૫૭. શ્રી અંતઃશત્રુ નિવારકાય નમઃ
૫૮. શ્રી ઉપશમ સ્થિતિકારકાય નમઃ
૫૯. શ્રી આસ્તિક્ય પ્રદાય નમઃ
૬૦. શ્રી વર્તમાન ધર્મ પ્રવર્તકાય નમઃ
૬૧. શ્રી માયાકાલ વિભેદકાય નમઃ
૬૨. શ્રી ધ્યાનાતિપ્રિયાય નમઃ
૬૩. શ્રી સર્વજીવહિતકાય નમઃ
૬૪. શ્રી અબુદ્ધિ વિધ્વંસકાય નમઃ

૬૫. શ્રી સદ્‌બુદ્ધિ પ્રદાય નમઃ
૬૬. શ્રી દીર્ઘદર્શીને નમઃ
૬૭. શ્રી ક્ષાન્તાનિધયે નમઃ
૬૮. શ્રી કલીતારકાય નમઃ
૬૯. શ્રી ચેતોનિગ્રહ યુક્તિવિદે નમઃ
૭૦. શ્રી નિજજનોદ્ધારિણે નમઃ
૭૧. શ્રી સદા સત્પોષકાય નમઃ
૭૨. શ્રી દૈત્યાનાં ગુરુ મોહકાય નમઃ
૭૩. શ્રી અહિંસા મખ:પોષકાય નમઃ
૭૪. શ્રી પરમહંસ પ્રીતિયુક્તાય નમઃ
૭૫. શ્રી નિર્લોભાય નમઃ
૭૬. શ્રી જિતેન્દ્રિય પ્રિયતરાય નમઃ
૭૭. શ્રી તીવ્ર સુવૈરાગ્યાય નમઃ
૭૮. શ્રી સત્શાસ્ત્રઃ વ્યસનાય નમઃ
૭૯. શ્રી તપઃપ્રિયતરાય નમઃ
૮૦. શ્રી ધૈર્યાન્વિતાય નમઃ
૮૧. શ્રી નિર્દંભાય નમઃ
૮૨. શ્રી મહાવ્રતોન્નતિ કરાય નમઃ
૮૩. શ્રી નૈષ્ઠિકધર્મ પોષણકરાય નમઃ



૮૪. શ્રી સદ્‌ધાર્મિકત્વ પ્રદાય નમઃ
૮૫. શ્રી પ્રાગલ્ભ્યાય નમઃ
૮૬. શ્રી અપરાજિતાય નમઃ
૮૭. શ્રી અતિકરુણાક્ષાય નમઃ
૮૮. શ્રી અધર્મ વિધ્વંસકાય નમઃ
૮૯. શ્રી યાતાહંકૃતયે નમઃ
૯૦. શ્રી યાતનિદ્રાય નમઃ
૯૧. શ્રી નિર્મત્સરાય નમઃ
૯૨. શ્રી નિસ્પૃહાય નમઃ
૯૩. શ્રી ભક્તાનાં કવચાય નમઃ
૯૪. શ્રી ષડૂર્મિ વિજયાય નમઃ
૯૫. શ્રી જિહ્વા સ્વાદજિત પ્રિયાય નમઃ
૯૬. શ્રી સુકોમલાય નમઃ
૯૭. શ્રી સુમધુર વાગ્મિને નમઃ
૯૮. શ્રી નિત્યોદારાય નમઃ
૯૯. શ્રી સુભક્તિ પોષણ કરાય નમઃ
૧૦૦. શ્રી દિવ્ય શ્રવણ કીર્તનાય નમઃ
૧૦૧. શ્રી અદ્રોહાય નમઃ
૧૦૨. શ્રી કૃપાનિધયે નમઃ



૧૦૩. શ્રી અજાત શત્રવે નમઃ
૧૦૪. શ્રી અતિ નિર્માન પ્રિયાય નમઃ
૧૦૫. શ્રી સાધુશીલ હૃદયાય નમઃ
૧૦૬. શ્રી ધર્માર્થાદિ ફલપ્રદાય નમઃ
૧૦૭. શ્રી ભક્તવત્સલાય નમઃ
૧૦૮. શ્રી સર્વૈવં મંગલ દિવ્યમૂર્તિયે નમઃ
શ્રી અબજીબાપાશ્રીયૈ નમઃ
શ્રી ગોપાલમુનિયૈ નમઃ
શ્રી સદ્‌ગુરવે નમઃ
શ્રી સર્વ મુક્તમંડલાય નમઃ

## ૧૬. સભાગાન

### ૧. ધ્યેયગીત

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર;
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર.
આજ્ઞા લોપાય નહિ લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોરદાર, સંતો કેરો છે સહકાર.



તન, મન, ધન સદા તૈયાર, તજશું જરૂર પડે ઘરબાર;
સર્વોપરી સદા સાકાર, સૌના કારણ ને આધાર.
કરવો પ્રચાર દુનિયાપાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ દુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર.
તોયે હરિબળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદાકાળ.


### ૨. જીવનમંત્ર

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.
છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને જ સદા જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.
એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગીમાત્રના સુખદુઃખમાં સદા ભાગીદાર થઈશ.
- જય શ્રી સ્વામિનારાયણ.

## ૩. વિજય ગાન

આશ્રિતગણ સુખદાયક જય હો, સંસ્કાર કેન્દ્ર પ્રદાતા;
દીન બાળકોના સુખદાતા, દોષ માત્રના જ્ઞાતા,
માત તાત ને ભગિની ભ્રાતા, આપ જ કર્તા હર્તા,
તુજ શરણે જે આવે, જીવન ધન્ય બનાવે,
શ્રીજીનો યશ ગાતા.

આત્યંતિક કલ્યાણના દાતા, ફરીએ પ્રચાર કરતા;
દેશ વિદેશે મહિમા ગાતા, વિજય ધ્વજા લહેરાતા,
જય સ્વામિનારાયણ જય હો, જય જય શ્રીજી બાપા;
જય હો, જય હો, જય હો,
જય જય જય હો......



## ગુરુવર્ય પ.પૂ.બાપજીના આશીર્વાદ

"ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં નિરંતર જોડાયેલા રહેવું એ જ સત્સંગનો સાર છે. આ માટે ભગવાનના ભક્તનું જીવન ભગવાનમાં જોડાવવારૂપ સાધનભક્તિ યુક્ત હોવું જોઈએ. આ 'નિત્ય નિયમ' પુસ્તિકાનો ઉપયોગ કરી આપણું દૈનિક જીવન સાધનભક્તિ યુક્ત કરીશું. તો મહાપ્રભુ જરૂર રાજી થશે ને મૂર્તિનું સુખ આપશે.


**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**

SMVS

સ્વામિનારાયણ ધામ, ઈન્ફોસિટી સામે,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.
ફોન : ૨૩૨૧૩૦૫૨, ૫૩
Email : ssd@smvs.org